TP શાખાની મંજૂરીની ફાઈલો ખુલ્લામાં મુકી દેવાઈ

વડોદરા પાલિકાના મુખ્ય બિલ્ડીંગમાં જ કિંમતી રેકોર્ડ બિનવારસી હાલતમાં

જો કિંમતી દસ્તાવેજો સળગી જાય કે ગાયબ થાય તો મ્યુનિસિપલ કમિશનર જવાબદારી લેશે?

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય બિલ્ડીંગ, જ્યાં મ્યુનિસિપલ કમિશનર સહિત તમામ ઉચ્ચ અધિકારીઓ બેસે છે, ત્યાં જ વહિવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. શહેરના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા મંજૂર કરાયેલા નકશાઓ અને બાંધકામની પરમિશનની અત્યંત મહત્વપૂર્ણ અને કિંમતી ફાઈલો શાખા બહાર ખુલ્લી લોબીમાં અને પગથિયાં સુધી રઝળતી મૂકી દેવામાં આવી છે.

અગાઉ જે કિંમતી દસ્તાવેજો ઓફિસની અંદર સુરક્ષિત રખાતા હતા, તેને હાલમાં કબાટો સહિત બહાર રસ્તામાં મૂકી દેવાયા છે. વડોદરા શહેરમાં કયા ધારાધોરણ મુજબ કઈ ઈમારતને મંજૂરી અપાઈ છે, તેના તમામ પુરાવા અને કાગળો આ ફાઈલોમાં છે. જો આમાંથી એક પણ ફાઈલ આગી-પાછી થાય કે ચોરાઈ જાય તો મોટી કાનૂની અને વહીવટી મુશ્કેલી સર્જાઈ શકે તેમ છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે અગાઉ પણ વડોદરા પાલિકામાંથી કેટલીય અગત્યની ફાઈલો ગાયબ અને ચોરી થઈ ચૂકી હોવાના બનાવો બની ચૂક્યા છે. ભૂતકાળના આ કડવા અનુભવોમાંથી પાઠ ભણવાના બદલે, તંત્ર દ્વારા ફરીથી આવી સંવેદનશીલ ફાઈલોને રઝળતી મૂકી દેવાતા તંત્રની નીતિ અને દાનત સામે રોષ વ્યાપ્યો છે.

શહેરના કિંમતી રેકોર્ડનું રક્ષણ થાય અને અનિચ્છનીય ઘટના ન બને તે માટે મ્યુનિસિપલ કમિશનર તાત્કાલિક આ બાબતે કડક પગલાં ભરે અને આ ફાઈલોને સુરક્ષિત જગ્યાએ ખસેડે તે અત્યંત જરૂરી બન્યું છે.

માંડવીમાં PM ઈ-બસને અકસ્માત, કાચ તૂટ્યા

હેરિટેજ કામગીરી નજીક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ અથડાઈ; સદનસીબે જાનહાનિ ટળી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરા શહેરના ઐતિહાસિક અને ગીચ માંડવી વિસ્તારમાં હેરિટેજ કામગીરી સ્થળ નજીકથી પસાર થતી PM ઈલેક્ટ્રિક બસ અકસ્માતનો ભોગ બની હતી. માંડવી વિસ્તારમાં હેરિટેજ પ્રોજેક્ટ અંતર્ગત સમારકામ અને સુશોભનની કામગીરી ચાલી રહી છે. દરમિયાન PM ઈ-બસ સેવા હેઠળની ઈલેક્ટ્રિક બસ ત્યાંથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે બસનું સંતુલન બગડતાં તે અથડાઈ હતી.

અકસ્મતમાં બસના આગળના ભાગ તેમજ બાજુના કાચ તૂટી ગયા હતા. કાચ ધડાકાભેર તૂટી પડતાં બસમાં સવાર મુસાફરો અને આસપાસના લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, સદનસીબે અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી.

ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. સ્થાનિકોએ બસચાલકની બેદરકારીનો આક્ષેપ કરી યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરી હતી. ગીચ વિસ્તારમાં હેરિટેજ કામગીરી ચાલી રહી હોવાથી વાહનચાલકોએ સાવચેતીપૂર્વક વાહન ચલાવવું જરૂરી હોવાનું લોકોએ જણાવ્યું હતું. અકસ્માતની ઘટનાને પગલે તંત્ર દ્વારા તપાસ હાથ ધરાય તેવી શક્યતા છે.

અશાંત ધારો કે 'આસાન ધારો'? ફતેપુરામાં ૧૦ લાખની ચર્ચા!

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

વડોદરાના ફતેપુરાના હાથીખાના ગેંડા ફળિયામાં અશાંત ધારો લાગુ હોવા છતાં સવા કરોડની મિલકતનો વ્યવહાર અને ત્યારબાદ પાંચ માળનું બાંધકામ ચર્ચાના કેન્દ્રમાં આવ્યું છે. સૌથી રસપ્રદ વાત તો એ છે કે સમગ્ર મામલામાં ૧૦ લાખના કથિત વ્યવહારથી અશાંત ધારો 'સંતોષાયો' હોવાની ચર્ચા સ્થાનિકોમાં ચાલી રહી છે. હવે સવાલ એ છે કે અશાંત ધારો ખરેખર કાયદો છે કે પછી 'યોગ્ય વ્યવહાર' થાય તો કાયદાકીય રસ્તો આપોઆપ બની જાય?

મિલકતના વેચાણથી લઈને પાંચ માળની બિલ્ડિંગ ઊભી થાય ત્યાં સુધી સંબંધિત તંત્રને કંઈ દેખાયું નહીં? જો આસપાસના રહેવાસીઓની સંમતિ કે નિવેદનો લેવામાં આવ્યા હોય તો તેની વિગતો જાહેર કરવામાં કેમ આવતી નથી? અને જો સમગ્ર વ્યવહાર નિયમસર થયો હોય તો પછી આટલી બધી ચર્ચા શેની?

૧૦ લાખની ચર્ચા સાચી છે કે માત્ર અફવા? અશાંત ધારોનું પાલન થયું કે 'કાગળ પર બધું બરાબર' હતું? હવે પોલીસ, કલેક્ટર, મ્યુનિસિપલ તંત્ર અને વિજિલન્સની તપાસ જ આ સવાલોના જવાબ આપી શકે. અશાંત ધારાની અસલી 'કસોટી' હવે કાગળોમાં નહીં, તપાસમાં થશે!

લૂંટના દાગીના મળ્યા... પણ 'સોની'ને રાહત કેમ? પોલીસની કરામતની ચર્ચા!



શહેરમાં ગુનાખોરી સામે પોલીસની કડક કાર્યવાહી વચ્ચે લૂંટના એક કેસમાં દાગીનાની રિકવરીને લઈને જ પોલીસની કામગીરી ચર્ચામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ઝડપાયેલા આરોપીએ પૂછપરછ દરમિયાન લૂંટના દાગીના શહેરની જાણીતી સોનીની દુકાનમાં વેચ્યા હોવાની કબૂલાત કરી હતી. બસ, પછી શરૂ થયો કથિત રીતે 'રિકવરીનો રોમાંચક ખેલ'!

ચર્ચા એવી છે કે પોલીસ આરોપીને સાથે લઈને સોનીની દુકાન સુધી પહોંચી અને ત્યાંથી લૂંટના દાગીના મળી આવ્યા. જો દાગીના ખરેખર દુકાનમાંથી મળ્યા હોય તો સ્વાભાવિક રીતે સવાલ ઊભો થાય–દાગીના ખરીદનારની ભૂમિકા તપાસવામાં આવી કે પછી 'સોની સાહેબ' માટે કાયદો થોડો સોફ્ટ હતો?

વધુ ચર્ચા તો એવી પણ છે કે સોનીને કાર્યવાહીથી બચાવવા માટે કેટલાક પોલીસ કર્મચારીઓ દ્વારા કથિત 'સેટિંગ'ની વાત કરવામાં આવી અને મોટી રકમની માંગણી થઈ.

અને જો દાગીના સોનીની દુકાનમાંથી જ મળ્યા હોય, પરંતુ સરકારી દસ્તાવેજોમાં રિકવરી આરોપી પાસેથી દર્શાવવામાં આવી હોય તો પછી સવાલ તો બનવાનો જ–દાગીના બદલાયા કે રિકવરીનું સરનામું?

હવે તપાસમાં સ્પષ્ટ થવું જોઈએ કે દાગીના ખરેખર ક્યાંથી મળ્યા, પંચનામામાં શું નોંધાયું, સોની સામે કાર્યવાહી કેમ ન થઈ અને પોલીસ દસ્તાવેજોમાં રિકવરીનું સ્થળ શું દર્શાવાયું છે.

કાયદો બધાં માટે સરખો હોય તો 'સોની' માટે સોનાનો અને આરોપી માટે લોખંડનો ત્રાજવો કેમ?

ડોક્ટરોની દાદાગીરી પર ફરશે મંત્રીનું 'બુલડોઝર'? ઓચિંતી મુલાકાતથી વહીવટદારોના શ્વાસ અધ્ધર!

વડોદરાની મધ્ય ગુજરાતની સૌથી મોટી સયાજી હોસ્પિટલમાં અચાનક આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાની એન્ટ્રી થતાં હોસ્પિટલના વહીવટી વર્તુળોમાં જાણે 'સરપ્રાઈઝ ટેસ્ટ' શરૂ થઈ ગયો હોય તેવી ચર્ચા છે. મંત્રી આવ્યા, નિરીક્ષણ કર્યું અને હવે સૌથી મોટો સવાલ–આ મુલાકાત માત્ર મુલાકાત હતી કે પછી 'આગળ કંઈક મોટું થવાનું છે' તેનો ટ્રેલર?

છેલ્લા કેટલાક સમયથી હોસ્પિટલના વહીવટને લઈને ચોક્કસ ડૉક્ટરો અને અધિકારીઓના અઘોષિત પ્રભાવની ચર્ચાઓ ચાલી રહી છે. મનસ્વી નિર્ણયો અને કથિત ગેરરીતિઓની વાતો વચ્ચે હવે મંત્રીની અચાનક મુલાકાતે આ ચર્ચાઓને વધુ હવા આપી છે.

હવે હોસ્પિટલના વહીવટી ગલિયારામાં સૌથી મોટો સવાલ એ છે કે વર્ષોથી ખુરશી પર 'કાયમી બુકિંગ' કરાવીને બેઠેલા સાહેબોની સત્તાની લગામ ખરેખર ખેંચાશે કે પછી આ પણ એક સામાન્ય સરપ્રાઈઝ વિઝિટ બનીને રહી જશે?

'મલાઈ'ના કથિત હિસ્સેદારોમાં જો ખરેખર કોઈ હોય તો તેમના માટે પણ હવે સમય થોડો 'ડાયટિંગ'નો આવી શકે છે એવી ચર્ચા છે. અને જો મંત્રીની મુલાકાત બાદ વહીવટી ફેરફારો થાય તો હોસ્પિટલમાં ખુરશીઓ કરતાં ચર્ચાઓ વધુ ખસેડાય તો નવાઈ નહીં!

ચર્ચા તો એવી પણ છે કે આ સરપ્રાઈઝ વિઝિટ માત્ર પહેલો એપિસોડ છે અને આગામી દિવસોમાં સયાજી હોસ્પિટલના વહીવટી ખાનામાં વધુ 'સરપ્રાઈઝ' જોવા મળી શકે છે.

હવે જોવાનું એટલું જ–બુલડોઝર ખરેખર દાદાગીરી પર ફરશે કે પછી માત્ર ધૂળ ઉડાવીને પાછું પાર્ક થઈ જશે?

પીએમના આગમન પૂર્વે સાંસદ-મ્યુ. કમિશનરે ગરબાની રમઝટ બોલાવી

કમાટીબાગ બેન્ડ સ્ટેન્ડ પર સંગીતની મહેફિલ જામી

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 8 સપ્ટેમ્બરના વડોદરા આગમન પૂર્વે શહેરમાં ઉત્સવ જેવો માહોલ જામ્યો છે. શહેરની મધ્યમાં આવેલા ઐતિહાસિક કમાટીબાગના બેન્ડ સ્ટેન્ડ ખાતે ગરબાની રમઝટ બોલાવી હતી.

આ ખાસ અવસરે વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશી અને વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર સહિત અનેક રાજકીય અગ્રણીઓ અને અધિકારીઓએ હાજરી આપી હતી. ઢોલના તાલ અને સંગીતના સૂરો વચ્ચે સૌ કોઈ યુવાનો સાથે ગરબે ઘૂમીને આનંદની પળો માણતા જોવા મળ્યા હતા. મોદીજીના સ્વાગત પૂર્વે જ યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરીજનો માટે એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે. હવેથી દર શનિવારે સાંજે કમાટીબાગ બેન્ડ સ્ટેન્ડ ખાતે ગીત-સંગીતની રમઝટનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં શહેરના સંગીતપ્રેમીઓ, કલાકારો અને મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડે છે. શહેરના વ્યસ્ત જીવનમાંથી થોડી હળવાશની પળો માણવા માટે આ સ્થળ હવે નવું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સંગીતના તાલે સૌ કોઈ નાચતા-ગાતા જોવા મળે છે. વડોદરા મહાનગરપાલિકાના આ પ્રયાસને શહેરીજનોએ આવકાર્યો છે અને દર શનિવારે આ મહેફિલમાં મોટી સંખ્યામાં હાજર રહેવા અપીલ કરવામાં આવી છે.

PMના આગમન પૂર્વે ૧૦૦૦થી વધુ નગરજનોએ ભાગ લીધો

'સ્વચ્છતા સે સ્વાગત' અભિયાન અંતર્ગત વડોદરામાં પેડલ ક્લીનર સાયક્લોથોન યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વડોદરા આગમન પૂર્વે વડોદરા મહાનગરપાલિકા અને વી બરોડિયન દ્વારા સંયુક્ત રીતે 'સ્વચ્છતા સે સ્વાગત' અભિયાન અંતર્ગત 'પેડલ ક્લીનર વડોદરા સાયક્લોથોન'નું આયોજન કરવામાં આવ્યું હતું. માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સથી વહેલી સવારે શરૂ થયેલી સાયક્લોથોનમાં નગરજનો, એનજીઓ, સાયકલિંગ ક્લબના સભ્યો, વિદ્યાર્થીઓ સહિત 1000થી વધુ લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગે મેયર ગીતાબેન મકવાણા, સાંસદ ડો. હેમાંગભાઈ જોશી, નાયબ મેયર આદિત્યભાઈ પટેલ, ધારાસભ્ય સતિષભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ સહિત કાઉન્સિલરો, અધિકારીઓ, કર્મચારીઓ અને પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાનના 'ફિટ ઈન્ડિયા'ના સંકલ્પ તથા 'સન્ડે ઓન સાયકલ'ના સંદેશને સાકાર કરવા યોજાયેલી સાયક્લોથોનનો મુખ્ય હેતુ સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવાનો અને નાગરિકોને સ્વચ્છ તથા સ્વસ્થ વડોદરા માટે પ્રેરિત કરવાનો હતો. સાયકલિંગ સાથે સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

સાયક્લોથોન માંજલપુરથી પ્રસ્થાન કરી દરબાર ચોકડી, વડસર બ્રિજ, જ્યુપિટર ચોકડી અને તુલસીધામ ચોકડી થઈ પુનઃ માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે પૂર્ણ થઈ હતી. સમગ્ર રૂટ દરમિયાન નાગરિકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વડાપ્રધાનના આગમન પૂર્વે યોજાયેલા આ કાર્યક્રમમાં નાગરિકોની વ્યાપક સહભાગિતાથી સ્વચ્છતા અને સ્વાસ્થ્યનો સંદેશ જનઆંદોલનરૂપે પ્રસર્યો હતો.

૨૦ ફૂટ ઊંડા કૂવામાંથી ૪ કલાકની જહેમતે અજગર બહાર કઢાયો

કોડિયાદ ગામે નહેરના કૂવામાંથી અજગરના બચ્ચા અને પોરમાં બે મગરનું રેસ્ક્યુ કરાયું

પોર ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં બે દિવસમાં બે મગર પકડાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા જિલ્લામાં વન્યજીવ સંરક્ષણની ત્રણ સરાહનીય ઘટનાઓ સામે આવી છે. કરજણ તાલુકાના કોડિયાદ ગામે નર્મદા નહેરના 20 ફૂટ ઊંડા કૂવામાં પડી ગયેલા અજગરના બચ્ચાનું જીએસપીસીએ ટીમે ચારથી પાંચ કલાકની જહેમત બાદ સુરક્ષિત રેસ્ક્યુ કર્યું હતું. જ્યારે પોર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-2માં સેવ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટની ટીમે સતત બે દિવસમાં બે મગરનું રેસ્ક્યુ કરી વન વિભાગને સોંપ્યા હતા.

કોડિયાદ ગામના સંજય પટેલે નહેરના કૂવામાં અજગરનું બચ્ચું ફસાયું હોવાની જાણ જીએસપીસીએ સંસ્થાને કરી હતી. માહિતી મળતાં સિનિયર સભ્ય રમેશ જી. યાઈશ અને સ્વયંસેવક યશ પી. પટેલની ટીમ સ્થળે પહોંચી હતી. 20 ફૂટ ઊંડા કૂવામાંથી અજગરના બચ્ચાને બહાર કાઢવાની પડકારજનક કામગીરી ટીમે સાવચેતીપૂર્વક પૂર્ણ કરી હતી. બાદમાં તેને કરજણ વન વિભાગને સોંપવામાં આવ્યું હતું.

બીજી તરફ પોર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-2માં મજૂરોની ઝૂંપડીઓ નજીક આશરે 3.5 ફૂટનો મગર આવી ચઢ્યો હતો. સેવ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટના પ્રમુખ સંદીપ સિંહ અને ટીમે વન વિભાગના સહયોગથી તેનું રેસ્ક્યુ કર્યું હતું. બીજા દિવસે આ જ વિસ્તારમાં માળખા નીચે આશરે 2 ફૂટનું મગરનું બચ્ચું મળી આવ્યું હતું. તેનું પણ સુરક્ષિત રેસ્ક્યુ કરી વન વિભાગને સોંપાયું હતું. ટીમની કામગીરીથી માનવ-વન્યજીવ સંઘર્ષની સંભવિત ઘટના ટળી હતી.

લાભ એલિગન્સ વિવાદનો સુખદ અંત, બિલ્ડર-રહીશો વચ્ચે MOUથી સમાધાન

વડોદરાના ભાયલી વિસ્તારમાં આવેલા લાભ એલિગન્સ પ્રોજેક્ટને લઈને થોડા સમય અગાઉ બિલ્ડર અને રહીશો વચ્ચે સર્જાયેલો વિવાદ હવે સુખદ રીતે ઉકેલાયો છે. રહીશો દ્વારા પ્રોજેક્ટમાં વિવિધ સમસ્યાઓ અને તકલીફો અંગે કરવામાં આવેલી રજૂઆતો બાદ બંને પક્ષો વચ્ચે અનેક તબક્કામાં ચર્ચા અને મંત્રણા કરવામાં આવી હતી. અંતે બંને પક્ષો વચ્ચે સમજૂતી સધાઈ છે. રહીશો દ્વારા અગાઉ બિલ્ડર સામે વિવિધ આક્ષેપો અને સમસ્યાઓ રજૂ કરવામાં આવી હતી. આ મુદ્દાને વડોદરાના મીડિયા માધ્યમોએ પણ પ્રાથમિકતા સાથે ઉજાગર કર્યો હતો. ત્યારબાદ બિલ્ડર અને રહીશો વચ્ચે પ્રશ્નોના નિરાકરણ માટે ચર્ચાઓનો દોર શરૂ થયો હતો.

લાંબી ચર્ચા-વિચારણા બાદ રહીશોની વિવિધ સમસ્યાઓના નિરાકરણ અને બિલ્ડર દ્વારા હાથ ધરાનારી કામગીરી અંગે બંને પક્ષો વચ્ચે સહમતિ સધાઈ હતી. આ સહમતિને દસ્તાવેજી સ્વરૂપ આપવા માટે બંને પક્ષો વચ્ચે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MOU) કરવામાં આવ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ MOUને સત્તાવાર રીતે નોટરાઈઝ પણ કરવામાં આવ્યું છે. MOUમાં રહીશોની રજૂઆતો, તેમની સમસ્યાઓના નિરાકરણ તથા બિલ્ડર દ્વારા કરવામાં આવનાર કામગીરી અંગે બંને પક્ષો વચ્ચે થયેલી સમજૂતીનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. સમાધાન બાદ બિલ્ડર અને લાભ એલિગન્સના રહીશો દ્વારા મીડિયા સમક્ષ ઉપસ્થિત રહી MOU અંગે માહિતી આપવામાં આવી હતી. રહીશોનું કહેવું છે કે ચર્ચા અને પરસ્પર સમજણ બાદ તેમની સમસ્યાઓના ઉકેલ માટે માર્ગ નીકળ્યો છે.

વડોદરા કબડ્ડી એસો.દ્વારા પસંદગી ટુર્નામેન્ટ યોજાઈ

વડોદરા : વડોદરા કબડ્ડી એસોસિએશન દ્વારા આયોજિત જુનિયર ભાઈઓની પસંદગી સ્પર્ધા ટુર્નામેન્ટ 2026નું આયોજન શ્રીરામ વ્યાયામ શાળાના મેદાનમાં કરવામાં આવ્યું હતું.આ ટુર્નામેન્ટમાં વડોદરા શહેરની વિવિધ 12 ક્લબના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખેલાડીઓએ પોતાની રમતથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે કૌશલભાઈ દવે, શ્રીરામ વ્યાયામ શાળાના ચેરમેન દિલીપ નેપાલી, લક્ષ્મીનગર ચેરિટેબલ ટ્રસ્ટ અને ગુજરાત રાજ્ય બોર્ડના માજી અધ્યક્ષ તથા પૂર્વ મહામંત્રી ગુજરાત રાજ્ય યુવા મોરચાના દેવેન્દ્ર ઉપાધ્યાય, સમાજવાદી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ દુર્ગેશ તિવારી, પ્રદેશ યુવા મોરચાના કારોબારી સભ્ય, વડોદરા કબડ્ડી એસોસિએશનના પ્રમુખ વિક્રમ સર્વે અને શશાંક ચોબલ ઉપસ્થિત રહ્યા હતા. ટુર્નામેન્ટના અંતે રોમાંચક મુકાબલામાં નંદીગ્રામની ટીમ વિજેતા બની હતી.

અટલાદરા વિસ્તારમાં રહેતી ૩૪ વર્ષીય પરિણીતા સાથે પતિની મારઝૂડ

સાસરીયાઓ દારૂ-માંસ પીવા તથા ગર્ભપાત કરાવવા માટે દબાણ અને માર મારતા હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૬

અટલાદરા વિસ્તારમાં રહેતી 34 વર્ષીય પરિણીતાએ પતિ, સાસુ-સસરા, નણંદ અને નણંદોઈ સામે વર્ષોથી દહેજની માંગણી, શારીરિક-માનસિક ત્રાસ અને ઘરેથી કાઢી મૂકવાના ગંભીર આક્ષેપ સાથે ફરિયાદ નોંધાવી છે. પરિણીતાના જણાવ્યા મુજબ લગ્નના પ્રથમ દિવસથી જ પતિએ અમદાવાદમાં બંગલો કે ફ્લેટ લઈ આપવાની માંગણી કરી હતી અને માંગણી પૂરી ન થાય ત્યાં સુધી પતિ-પત્નીને અલગ બેડરૂમમાં રહેવા દેવામાં આવતા નહોતા.

અટલાદરા વિસ્તારમાં રહેતી નિકિતા આશિષ ગોંદીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના લગ્ન નવેમ્બર-2016માં થયા હતા. લગ્ન બાદ અમદાવાદની સાસરીમાં રહેવા ગયા બાદ સાસુ-નણંદ તેને પતિથી દૂર રાખતા હોવાનો આક્ષેપ છે. બે બેડરૂમના મકાનમાં એક રૂમમાં સાસુ અને બીજા રૂમમાં નણંદ રહેતા હોવાથી પતિ સાથે ડ્રોઈંગ રૂમમાં સૂવાની ફરજ પડતી હતી. સાસુ દ્વારા ઘર મારું છે કહી ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી આપવામાં આવતી હોવાનો પણ આક્ષેપ કરાયો છે.

પતિએ લગ્નના પ્રથમ દિવસથી જ તેના પિતાને અમદાવાદમાં સારો બંગલો અથવા ફ્લેટ અપાવવાની માંગણી કરી હતી. પિતાએ આર્થિક રીતે આવી માંગણી પૂરી કરવાનો ઈનકાર કરતાં પતિ તેના પર ગુસ્સે રહેતા અને માર મારતા હતા. લગ્ન સમયે મળેલા દાગીના સાસુએ પોતાની પાસે રાખી લીધા હોવાનો તેમજ પિયરમાંથી અપાયેલી રૂ.1.51 લાખની રકમ અંગે પણ તારા બાપે કંઈ આપ્યું નથી તેમ કહી મેણાં મારવામાં આવતા હતા.

અલવી જમાતના ૨૪૫ લોકોનું કોરોનરી કૅલ્શિયમ સ્કોરિંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૬

વડોદરામાં રોનક કૅર ફાઉન્ડેશન દ્વારા અલવી જમાતના ૨૪૫ પુરુષો અને મહિલાઓનું કોરોનરી આર્ટરી કૅલ્શિયમ સ્કોરિંગ કરવામાં આવ્યું હતું. આ સંદર્ભે સરદાર એસ્ટેટ હૉલ ખાતે ટોકનું આયોજન કરી તમામ લોકોને તેમના ટેસ્ટ રિપોર્ટ્સ આપવામાં આવ્યા હતા. ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડૉ. તરંગ શાહે જણાવ્યું કે હૃદયરોગ થવાની ઉંમર હવે ૪૦ વર્ષથી પણ નીચે આવી ગઈ છે. કોરોનરી કૅલ્શિયમ સ્કોરિંગથી હૃદયની ધમનીઓમાં કૅલ્શિયમ જમા થયું છે કે નહીં તેની જાણ થઈ શકે છે. સ્કોર ૦ હોય તો કૅલ્શિયમ ડિપોઝિટ નથી, ૧થી ૯૯ ઓછું, ૧૦૦થી ૩૯૯ મધ્યમ અને ૪૦૦થી વધુ હોય તો વધારે કૅલ્શિયમ ડિપોઝિટ માનવામાં આવે છે. રેડિયોલોજિસ્ટ ડૉ. રાકેશ શાહે જણાવ્યું કે ૨૪૫માંથી ૯૧% લોકોનો સ્કોર શૂન્ય રહ્યો, જ્યારે ૬%માં ઓછું અને ૩%માં મધ્યમ કૅલ્શિયમ ડિપોઝિટ જોવા મળ્યું. માત્ર એક વ્યક્તિનો સ્કોર ૪૦૦થી વધુ રહ્યો. ડૉ. ઝુલકરનૈન ભાઈસાહેબે જણાવ્યું કે જમાતનો આ સારો સ્કોર વડીલોની દેન છે અને નવી પેઢીમાં પણ આ સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે પ્રયાસ કરવો જોઈએ. ટેસ્ટ સરળ છે અને ૧૦થી ૧૫ મિનિટમાં થઈ જાય છે. જોકે, ઓછો સ્કોર આવે તો બિન્દાસ્ત થવું નહીં અને વધુ સ્કોર આવે તો ગભરાવું નહીં, કારણ કે આ સ્ક્રીનિંગ કૅલ્શિયમ જમા થાય તે પહેલાંની નરમ ચરબીના અવરોધને ડિટેક્ટ કરતું નથી.

MSMEથી Gen-Z અને સ્ટાર્ટઅપ્સ સુધી ઉદ્યોગ વિકાસ પર ભાર

VCCIની નવી ટીમનો એક્શન પ્લાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.૬

વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (VCCI)ના નવા હોદ્દેદારોના પદગ્રહણ સમારોહ દરમિયાન નવી ટીમે આગામી કાર્યકાળ માટેનો એક્શન પ્લાન રજૂ કર્યો હતો. વેપાર, ઉદ્યોગ અને MSME ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં સભ્યોના પ્રશ્નોના ઝડપી નિવારણને પ્રાથમિકતા આપવાની જાહેરાત કરવામાં આવી હતી. VCCIના પ્રમુખ હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે નવી ટીમ વેપાર, ઉદ્યોગ અને MSME ક્ષેત્રના ઉત્થાન માટે વધુ ગતિ અને અસરકારકતા સાથે કાર્ય કરશે. ઉદ્યોગોને અનુકૂળ વાતાવરણ ઊભું કરવા સરકાર તથા વિવિધ વિભાગો સાથે સતત સંવાદ જાળવવામાં આવશે. યુવા પેઢી અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા Gen-Z યુવાનો સાથે વિશેષ સંવાદ કાર્યક્રમો યોજાશે. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવી પહેલો દ્વારા યુવાનોમાં ખેલકૂદ અને રાષ્ટ્રભાવનાને પ્રોત્સાહન આપવાની દિશામાં પણ કામગીરી થશે. GIDCના સ્ટેમ્પ ડ્યુટી સંબંધિત લાંબા સમયથી પડતર પ્રશ્ને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી રાહત બદલ VCCIએ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. નવી જવાબદારી સંભાળ્યાના બીજા જ દિવસે મળેલી આ રાહતથી સભ્ય ઉદ્યોગોને નોંધપાત્ર લાભ થશે તેમ જણાવાયું હતું. હિમાંશુ પટેલે કહ્યું હતું કે, "VCCI માત્ર ઉદ્યોગોની સંસ્થા નથી, પરંતુ ઉદ્યોગ, વેપાર, યુવા શક્તિ અને નવીનતાને જોડતું મજબૂત પ્લેટફોર્મ છે." MSMEથી મોટા ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ્સથી Gen-Z સુધી દરેક વર્ગને સાથે લઈને વડોદરા અને ગુજરાતને દેશના અગ્રણી ઔદ્યોગિક કેન્દ્ર તરીકે વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ તેમણે વ્યક્ત કર્યો હતો.

સફાઈ કરવા ઉતરેલા તંત્રની વચ્ચે ઊભેલી ગાડીઓથી ટ્રાફિકજામ

વડોદરા પાલિકાના સફાઈ અભિયાન પાછળ વહીવટી લાપરવાહીનો પર્દાફાશ : નોકરી ધંધો જતાં લોકો અટવાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.૬

વડોદરા શહેરમાં સફાઈ અભિયાન દરમિયાન સર્જાયેલી અરાજકતા અને ટ્રાફિક વ્યવસ્થાના પ્રશ્નોને લઈને સ્થાનિક સ્તરે ચર્ચાઓ શરૂ થઈ છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નંબર ૧૩ અંતર્ગત આવતા સિદ્ધનાથ મહાદેવ મંદિર પરિસરમાં તથા અતિ વ્યસ્ત ગણાતા ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં વિશેષ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સફાઈ અભિયાનમાં વડોદરાના મેયર, સાંસદ અને મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ ખુદ સાવરણી લઈને રસ્તા પર ઉતર્યા હતા, જે સરાહનીય પગલું હતું. પરંતુ આ સુંદર અભિયાનની બીજી બાજુએ ભારે અસુવિધા સર્જાઈ હતી. ખંડેરાવ માર્કેટ જેવો વ્યસ્ત વિસ્તાર જ્યાં રોજબરોજ ખરીદી માટે ભારે ભીડ રહે છે, ત્યાં અધિકારીઓ અને નેતાઓની સુરક્ષામાં રહેલી ગાડીઓ રસ્તાની વચ્ચે જ ઊભી રહી જવાથી મોટો ટ્રાફિક જામ સર્જાયો હતો. એક તરફ સફાઈકર્મીઓ અને અધિકારીઓનો કાફલો અને બીજી તરફ રસ્તા વચ્